**<u>વર્ષ ૨૦૧૯-૨૦ નવી બાબત</u>**

**<u>માંગણી ક્રમાંકઃ ૯૩, રૂ.૨૪.૦૮/- લાખ</u>**

**<u>માંગણી ક્રમાંકઃ ૯૬, રૂ. રૂ.૧૦૨.૩૪/- લાખની</u>**

**બિન આદિજાતિ વિસ્તારની અનુસૂચિત જનજાતિની ૪ (ચાર) આશ્રમશાળાઓમાં તથા આદિજાતિ વિસ્તાર યોજના હેઠળની અનુસૂચિત જનજાતિની ૧૭ (સત્તર) આશ્રમશાળાઓમાં ધોરણ-૧૧નો વર્ગ ક્રમિક વિકાસથી શરૂ કરવા બાબત.**

# ગુજરાત સરકાર

આદિજાતિ વિકાસ વિભાગ

**ઠરાવ ક્રમાંકઃ અમશ/૨૦૧૯/ન.બા-૨૧/ઘ**

સચિવાલય, ગાંધીનગર.

તા.૦૯/૦૯/૨૦૧૯

**<u>વંચાણે લીધા</u> :-**

(૧) આદિજાતિ વિકાસ વિભાગનો તા.૧૯/૦૪/૨૦૧૮નો ઠરાવ ક્રમાંકઃ અમશ/૨૦૧૮/ન.બા-૧૧/ઘ

(૨) આદિજાતિ વિકાસ વિભાગનો તા.૧૯/૦૪/૨૦૧૮નો ઠરાવ ક્રમાંકઃ અમશ/૨૦૧૬-૧૭/ન.બા-૨/ઘ

(૩) આદિજાતિ વિકાસ વિભાગનો તા.૨૮/૦૯/૨૦૧૧નો ઠરાવ ક્રમાંકઃ અમશ/૧૫૧૦/ન.બા-૨/ઘ

(૪) આદિજાતિ વિકાસ વિભાગનો તા.૧૭/૧૧/૨૦૦૯નો ઠરાવ ક્રમાંકઃ અમશ/૧૫૦૮/ન.બા-૧/ઘ

(૫) આદિજાતિ વિકાસ વિભાગનો તા.૨૫/૦૫/૨૦૦૭નો ઠરાવ ક્રમાંકઃ અમશ/૧૫૦૫/ન.બા-3/ઘ

(૬) આદિજાતિ વિકાસ વિભાગનો તા.3૧/03/૧૯૮૧નો ઠરાવ ક્રમાંકઃ અમશ/૧૪૮૦-૧૭૨૪/૧

(૭) Education and Labour Department, Resolution No. અમશ/૧૦૭3/૬03૮૮-છ, તા.૨૭/૦૬/૧૯૭3

(૮) કમિશ્નરશ્રી, આદિજાતિ વિકાસની કચેરીનો તા.૨૮/૦૫/૨૦૧૯નો પત્ર ક્રમાંકઃ આવિ/ આશા/ ફા.નં.૨૩૪૫/૨૦૧૯/૬૧૨-૧૫

(૯) કમિશ્નરશ્રી, આદિજાતિ વિકાસની કચેરીનો તા.૧૭/૦૬/૨૦૧૯નો પત્ર ક્રમાંકઃ આવિ/ આશા/ ફા.નં.૨૩૪૫/ ૨૦૧૯/૭૧૩-૭૧૪

**<u>પ્રસ્તાવના</u> :-**

બિન આદિજાતિ વિસ્તાર યોજના હેઠળ અનુસૂચિત જનજાતિની ગ્રાન્ટ ઇન એઇડ ૪ (ચાર) આશ્રમશાળાઓને અપગ્રેડ કરી માધ્યમિક શાળા (સામાન્ય પ્રવાહ)માં ધોરણ-૧૦નો વર્ગ ક્રમિક વિકાસથી શરૂ કરવાની મંજૂરી તથા આદિજાતિ વિસ્તાર પેટા યોજના હેઠળ અનુસૂચિત જનજાતિની ગ્રાન્ટ ઇન એઇડ ૧૭ (સત્તર) આશ્રમશાળાઓને અપગ્રેડ કરી માધ્યમિક શાળા (સામાન્ય પ્રવાહ)માં ધોરણ-૧૦નો વર્ગ શરૂ કરવાની

મંજૂરી અનુક્રમે વંચાણે લીધા ક્રમાંક (૧) થી (૮) થી આપવામાં આવેલ છે. DST હેઠળની અનુસૂચિત જનજાતિની ૪ (ચાર) આશ્રમશાળાઓમાં ધોરણ-૧૧નો વર્ગ ક્રમિક વિકાસથી શરૂ કરવા અંગેની રૂ.૨૪.૦૮ લાખની તથા T.A.S.P હેઠળની અનુસૂચિત જનજાતિની ૧૭ (સત્તર) આશ્રમશાળાઓમાં રૂ.૧૦૨.૩૪ લાખની નવી બાબતની દરખાસ્ત કમિશ્નરશ્રી, આદિજાતિ વિકાસની કચેરીના વંચાણે લીધા ક્રમાંક (૮) અને (૯) થી કરવામાં આવેલ. જેને મંજુરી આપવાની બાબત સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી.

## ઠરાવ :-

પુખ્ત વિચારણાને અંતે, DST હેઠળની ૪ (ચાર) આશ્રમશાળામાં ધોરણ-૧૧નો વર્ગ શરૂ કરવા અંગેની **રૂ.૨૪.૦૮/- લાખની** તથા TASP હેઠળની ૧૭ (સત્તર) આશ્રમશાળાઓમાં ધોરણ-૧૧નો વર્ગ શરૂ કરવા અંગેની **રૂ.૧૦૨.૩૪ લાખની** નવી બાબતને નીચેની શરતો આધિન આથી વહીવટી મંજૂરી આપવામાં આવે છે :

**ધોરણ-૧૧નો ક્રમિક વર્ગ શરૂ કરવાની આશ્રમશાળાની માહિતી (DST)**

| ક્રમ | સંસ્થાનું નામ | આશ્રમશાળાનું નામ |
|---|---|---|
| ૧ | શ્રી પંચમહાલ અનુ.જાતિ એજ્યુ. ટ્રસ્ટ અડાદરા, તા. કાલોલ, જિ. પંચમહાલ | અડાદરા, તા.કાલોલ, જિ.પંચમહાલ |
| ૨ | શ્રી માલધારી આદિવાસી ચેરીટેબલ ટ્રસ્ટ | રાણીવાવનેશ , તા.ભાણવડ, જિ.દેવભૂમિ દ્વારકા |
| ૩ | ગુજરાત ખેત વિકાસ પરિષદ, અમદાવાદ | કુદિયાણા, તા.ઓલપાડ, જિ.સુરત |
| ૪ | હળપતિ સેવા સંઘ, બારડોલી | હલધરૂ, તા.કામરેજ, જિ.સુરત |

**ધોરણ-૧૧નો ક્રમિક વર્ગ શરૂ કરવાની આશ્રમશાળાની માહિતી (TASP)**

| ક્રમ | સંસ્થાનું નામ | આશ્રમશાળાનું નામ |
|---|---|---|
| ૧ | જય માં ગાયત્રી કેળવણી મંડળ, તરવાડીયાભાવ | તરવાડીયાભાવ, તા.જિ.દાહોદ |
| ૨ | વેદમાતા ગાયત્રી ટ્રસ્ટ, વાઘપુર | પાટડીયા, તા.ખેડબ્રહ્મા, જિ.દાહોદ, |
| ૩ | ગાયત્રી કૃપા આદિવાસી યુવક મંડળ, કરવાઈકંપા | કરવાઈકંપા, તા.કડાણા, જિ.મહિસાગર |
| ૪ | સાગટાળા વિભાગ સઘન ક્ષેત્ર યોજના, સાગટાળા | દેવીરામપુરા, તા.દેવગઢ બારીયા, જિ.દાહોદ |
| ૫ | વ્યારા તાલુકા પૂર્વ વિભાગ વનવાસી વિકાસ મંડળ બાલપુર, તા.વ્યારા, જિ.તાપી | આંબાપાણી, તા.વ્યારા, જિ.તાપી |
| ૬ | વનવાસી માનવ કલ્યાણ ટ્રસ્ટ, ખુરદી, તા.વ્યારા, જિ.તાપી | ખુરદી, તા.વ્યારા, જિ.તાપી |
| ૭ | ગુજરાત રાજ્ય બક્ષીજાતિ વિકાસ મંડળ, દાહોદ ગાયત્રી એન્ટરપ્રાઈઝ, બાલમંદીર સામે, માર્કેટયાર્ડ રોડ, દાહોદ. તા.જિ.દાહોદ | કતવારા, તા.જિ.દાહોદ |

| | | |
|---|---|---|
| ૮ | સીતાબા એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ, ગાંધીનગર | વરતોલ, તા.ખેડબ્રહ્મા, જિ.સાબરકાંઠા |
| ૯ | હળપતિ સેવા સંઘ, બારડોલી | ભુવાસણ, તા.બારડોલી, જિ.સુરત્ |
| ૧૦ | શ્રી વિવેકાનંદ ખાદી ગ્રામોદ્યોગ સંઘ, પાલનપુર | ખેમરાજીયા, તા.અમીરગઢ, તા.બનાસકાંઠા |
| ૧૧ | જનસેવા ટ્રસ્ટ ખેરોજ | ખેરોજ (કન્યા), તાખેડબ્રહ્મા, જિ.સાબરકાંઠા |
| ૧૨ | માનવ કલ્યાણ ટ્રસ્ટ, પાલનપુર | ઉપલોબંધ, તા.અમીરગઢ, જિ.બનાસકાંઠા |
| ૧૩ | પંચમહાલ જિલ્લા ગ્રામ્ય વિકાસ પરિષદ, ગરબાડા | ઉ.બુ ગરબાડા, તા.ગરબાડા, તા.દાહોદ |
| ૧૪ | શ્રી વાલ્મિક માધ્યમિક આશ્રમશાળા ઝાબપુર્વ | ઝાબપુર્વ, તા.ફતેપુરા, તા.દાહોદ |
| ૧૫ | વનવાસી સેવા પરિષદ, વિજળી, તા.ક્વાંટ, જિ.છોટાઉદેપુર | પુનિયાવાંટ, તા.જિ.છોટાઉદેપુર |
| ૧૬ | પીપેરો વિભાગ યુવા શકિત પ્રગતિ મંડળ પીપેરો | પીપેરો, તા.ધાનપુર, જિ.દાહોદ |
| ૧૭ | વનવાસી ઉત્કર્ષ મંડળ- ભચડીયા, તા.દાંતા, જિ.બનાસકાંઠા | મા.શાળા ટુંડિયા , દાંતા, જિ.બનાસાકાંઠા |

**<u>શરતો :-</u>**

(૧) આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ નાણાંકીય વર્ષ ૨૦૧૯-૨૦ અંદાજપત્રીય જોગવાઇને આધીન અને નાણા વિભાગ દ્વારા વખતો-વખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૨) પ્રસ્તુત બાબતે પ્રવર્તમાન નિયમોને આધિન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઇ કરાવી લેવાની રહેશે.

(૩) આ અંગેનું ખર્ચ રાજય સરકારના સ્થાયી તેમજ વખતોવખતના લાગુ પડતા ઠરાવો / પરિપત્રો અને નિયમોની જોગવાઇઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

(૪) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહિ. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૫) આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

(૬) વર્ગ-૩ની જગ્યાઓ ભરતી નિયમોની જોગવાઇ મુજબ જો બઢતીના ફાળે આવતી હોય તો તે પ્રમાણે અને જો સીધી ભરતીના ફાળે આવતી હોય તો નાણાં વિભાગના તા.૧૬/૦૨/૨૦૦૬ અને સામાન્ય વહીવટ વિભાગના તા.૦૪/૦૬/૨૦૦૯ના ઠરાવથી અમલી બનેલ ફીક્સ પગારની નીતિ અને તેમાં વખતો-વખત થયેલ સુધારાઓની જોગવાઇઓ પ્રમાણે ભરવાની રહેશે.

(૭) જે તે જગ્યાઓના પગાર-ધોરણો ROP-2006/ROP-2016/PAY-Matrix-Level પ્રમાણે છે કે કેમ તે અંગેની ખાતરી કરી લેવાની જવાબદારી કમિશ્નરશ્રી, આદિજાતિ વિકાસની રહેશે.

(૮) સીધી ભરતીથી નિમણૂંક પામનાર ઉમેદવારને નિયમિત નિમણૂંક મળ્યા બાદ નાણાં વિભાગના તા.૧૮/0૩/૨૦૦૫ના ઠરાવ ક્રમાંકઃ નપન/૨૦૦૩/જીઓઆઇ/૧૦ (પા.ફા.)ની જોગવાઇ પ્રમાણે રાજ્ય સરકાર દ્વારા તા.૦૧/૦૪/૨૦૦૫ થી દાખલ કરવામાં આવેલ નવી વર્ધીત પેન્શન યોજના તેમજ તે અંગેના વખતો-વખત થયેલ સુધારા લાગુ પાડવાના રહેશે.

(૯) આ જગ્યાઓ ભરતી વખતે અનામતનું ધોરણ નિયમોનુસાર જળવાય તે કમિશ્નરશ્રી, આદિજાતિ વિકાસે જોવાનું રહેશે. આ જગ્યાઓ ભરતી વખતે બેકલોગની જગ્યા હોય તો તેને અગ્રીમતા આપવાની રહેશે.

(૧૦) આ જગ્યાઓ ઉપરની ભરતી સરકારશ્રીના જે તે જગ્યાના પ્રવર્તમાન પરીક્ષાના નિયમો અને ભરતી પદ્ધતિને અનુસરીને કરવાની રહેશે.

(૧૧) કોમ્પ્યુટરની જાણકારી માટે પ્રવર્તમાન ભરતી નિયમોનુસાર ઉમેદવાર નિયત થયેલ કોમ્પ્યુટર કૌશલ્યની પરીક્ષા પાસ કરેલ/ લાયકાત ધરાવતા હોવા જોઇએ.

(૧૨) રાજ્ય સરકાર દ્વારા વખતોવખત નિયત કરેલ કાર્યભારણનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

(૧૩) નવી મંજૂર કરેલ જગ્યાઓ જે તે નાણાકીય વર્ષના અંત સુધી ચાલુ રાખવાની મંજૂરી આપવામાં આવે છે. ત્યારબાદ જગ્યાઓ વખતો-વખત ચાલુ રાખવાની થાય તો વિભાગે જગ્યાઓ લંબાવવાની દરખાસ્તની મુદ્દત પૂરી થતાં પહેલાંના એક માસ અગાઉ નાણાકીય સલાહકારશ્રીને રજૂ કરી જગ્યાઓ વધુ સમય માટે ચાલુ રાખવાની મંજૂરી મેળવી લેવાની રહેશે.

(૧૪) ધોરણ-૧૧નો વર્ગ વિધિસર શરૂ કર્યાની જાણ સંબંધિત આશ્રમશાળા, અધિકારીશ્રી, જિલ્લા શિક્ષણાધિકારીશ્રી અને કમિશ્નરશ્રી, આદિજાતિ વિકાસને કરવાની રહેશ.

(૧૫) વર્ગદીઠ છાત્રોની માન્ય સંખ્યા ૪૦ની રહેશે.

(૧૬) ધોરણ-૧૧ના દરેક વર્ગમાં વાર્ષિક પરિણામ લઘુત્તમ ૭૦ ટકા લાવવાનું રહેશે.

(૧૭) શાળાએ જરૂરી પ્રમાણપત્રો, આંકડાકીય માહિતી, રજીસ્ટરો તથા અન્ય રેકર્ડ અદ્યતન રીતે નિભાવવાના રહેશે. બાયોમેટ્રિક એટેન્ડન્સ સીસ્ટમ પ્રમાણે હાજરી નિભાવવાની રહેશે.

(૧૮) સંસ્થાએ વિદ્યાર્થીઓના નોર્મ્સ મુજબ તમામ ભૌતિક સુવિધાઓ જેવી કે પૂરતું ક્ષેત્રફળ ધરાવતું મકાન, વર્ગખંડ માટેની જગ્યા, પીવાના પાણીની સુવિધા, પલંગ, પથારી-પાંગરણની સુવિધા, બાથરૂમ, ટોયલેટની સંપૂર્ણ સુવિધા તાત્કાલિક ઉપલબ્ધ કરવાની રહેશે.

(૧૯) આદિજાતિ વિકાસ વિભાગે કે શિક્ષણ ખાતાએ વખતોવખત નિયત કરેલ શિક્ષણ વિષયક સામાન્ય નિયમોનું કર્મચારીઓ તેમજ વિદ્યાર્થીઓએ ઉચિત રીતે પાલન કરવાનું રહેશે.

(૨૦) સંસ્થાને આપવાની થતી ગ્રાન્ટનું પ્રમાણ સરકારશ્રીના વખતોવખતના નિયમોને આધીન રહેશે.

(૨૧) સરકારશ્રી વખતોવખત નક્કી કરે તે તમામ જોગવાઈઓનું પાલન કરવાનુ રહેશે.

(૨૨) ભરતીની માન્ય પ્રકિયા સિવાય સંસ્થાકીય રીતે નિમાયેલ તથા સામાન્ય રીતે નિમાયેલ શૈક્ષણિક / બિન શૈક્ષણિક સ્ટાફની નિમણૂંકો નિયમિત થઈ શકશે નહી. આ બન્ને પ્રકારે નિમાયેલ શૈક્ષણિક / બિન શૈક્ષણિક કર્મચારીઓને સંસ્થાએ છૂટા કરવાના રહેશે.

(૨૩) આશ્રમશાળામાં બાળકો માટે કિચન ગાર્ડન, ફોર્ટીફાઇડ આટા, દૂધ, લીલા શાકભાજી તથા ગુણવત્તાયુક્ત ભોજન આપવાનું રહેશે.

(૨૪) સંસ્થા આશ્રમશાળાના સંચાલન અને વહીવટ માટે કમિશનરશ્રી, આદિજાતિ વિકાસ, ગુજરાત રાજય ગાંધીનગર તરફથી જે સૂચનાઓ આપવામાં આવતી હોય તેનો ચુસ્તપણે પાલન કરતી હોવી જોઇએ.

(૨૫) સંસ્થા દ્વારા કન્યાઓની સુવિધા અને સુરક્ષા માટે પુરતી વ્યવસ્થા કરેલી હોવી જોઇએ.

(૨૬) સંસ્થા આશ્રમશાળાના સંચાલન માટે આર્થિક રીતે સધ્ધર હોવી જોઇએ.

રૂ.૨૪.૦૮ લાખની નવી બાબતનો ખર્ચ વર્ષ ૨૦૧૯-૨૦ના અંદાજપત્રમાં માંગણી ક્રમાંકઃ ૯૩ મહેસૂલ, મુખ્ય સદરઃ ૨૨૨૫ -અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ અને અન્ય પછાત વર્ગોનું કલ્યાણ, પેટા મુખ્ય સદરઃ૦૨ અનુસૂચિત આદિજાતિઓનું કલ્યાણ, ગૌણ સદરઃ ૨૭૭ શિક્ષણ, પેટા સદર-૦૯, વીકેવાય-૧૧ સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા ચાલતી અનુદાનિત આશ્રમશાળાઓ, ઉત્તર બુનિયાદી આશ્રમશાળાઓ હેઠળ તથા રૂ.૧૦૨.૩૪ લાખની નવી બાબત અંદાજપત્રમાં માંગણી ક્રમાંકઃ ૯૬ મહેસૂલ, મુખ્ય સદરઃ ૨૨૨૫-અનુસુચિત જાતિઓ, અનુસુચિત આદિજાતિઓ અને અન્ય પછાત વર્ગ અને લઘુમતિઓનું કલ્યાણ, પેટા મુખ્ય સદરઃ૦૨ અનુસુચિત આદિજાતિઓનું કલ્યાણ, ગૌણ સદરઃ ૭૯૬ આદિજાતિ વિસ્તાર પેટા યોજના પેટા સદર-૧૦ વીકેવાય-૧૧: સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા ચાલતી

અનુદાનિત આશ્રમશાળા ઉ.બુ.આશ્રમશાળાઓ (બાંધકામ) હેઠળ અનુસૂચિત જનજાતિ વિસ્તારની ૧૭ (સત્તર) આશ્રમશાળામાં ધોરણ-૧૧નો ક્રમિક વર્ગ શરૂ કરવા બાબત હેઠળ ચાલુ નાણાકીય વર્ષની જોગવાઇમાંથી મેળવવાનો તેમજ ઉધારવાનો રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણા વિભાગની તા.૧૯/૮/૨૦૧૯ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

( જે.આર.ડોડીયા )
સંયુક્ત સચિવ
આદિજાતિ વિકાસ વિભાગ

<u>નકલ રવાના :-</u>

- માન.રાજ્યપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન.મંત્રીશ્રી(આ.વિ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી(આ.વિ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રીના રહસ્ય સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સંયુક્ત સચિવશ્રી (સેવા)ના અંગત સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, (ખર્ચ)ના રહસ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાણા સલાહકારશ્રી (આ.વિ.), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- કમિશનરશ્રી,આદિજાતિ વિકાસ, બિરસામુંડા ભવન, સેકટર-૧૦/એ, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- નિવાસી ઓડીટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- જીલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.
- સેકશન અધિકારીશ્રી, બજેટ શાખા, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સિસ્ટમ મેનેજર, આદિજાતિ વિકાસ વિભાગ, વેબસાઇટ ઉપર મુકવા વિનંતી સહ.
- નાયબ સેક્શન અધિકારી સિલેક્ટ ફાઇલ/સિલેકટ ફાઇલ.